# ગુજરાતની વાર્ષિક યોજના : ૫૧ હજાર કરોડ નિર્ધારિત

## ગાંધીનગર અને કરમસદને જેએનએનયુઆરએમમાં ખાસ કિસ્સા તરીકે સામેલ કરવા મુખ્યમંત્રીની આયોજન પંચ સમક્ષ ઉગ્ર રજૂઆત

*ગાંધીનગર, તા. ૧*

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ ડો. મોન્ટેકસિંહ અહલુવાલિયા વચ્ચે યોજાયેલી ફળદાયી બેઠકના અંતે આજે નવી દિલ્હીમાં ગુજરાતની ૨૦૧૨-૧૩ની વાર્ષિક યોજનાનું કદ રૂા. ૫૧૦૦૦ કરોડ નિર્ધારિત કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે વિધાનસભામાં રૂા. ૫૦૫૯૯ કરોડની વાર્ષિક યોજના રજૂ કરી હતી. તે સંદર્ભમાં, કેન્દ્રીય આયોજનપંચ અને ગુજરાત સરકાર વચ્ચે યોજાયેલી આજની બેઠકમાં આયોજન પંચે ગુજરાતના આયોજિત વિકાસની સફળતા અને સિધ્ધિઓને લક્ષમાં લઇને વધુ બે પ્રોજેકટ મંજૂર કર્યા હતા.

કેન્દ્રીય આયોજન પંચે આ વર્ષે (૧) સાગરકાંઠાના વિસ્તારોમાં પ્રવાસન વિકાસને ઉત્તેજન આપવા કોસ્ટલ ટુરિઝમનો રૂા. ૧૨૦ કરોડનો પ્રોજેકટ અને (૨) આંગણવાડીના ફલકને વિસ્તારવા નંદઘર યોજનાના પ્રોજેકટ મંજૂર કર્યો હતો.

ગુજરાત દુષ્કાળગ્રસ્ત હોવા છતાં દશ વર્ષમાં કૃષિક્રાંતિનો ચમત્કાર થયો છે. કૃષિ ક્ષેત્રે કેન્દ્ર સરકારની અન્યાયી નીતિઓને કારણે ગુજરાતના ખેડૂતોને ખૂબ સહન કરવા વારો આવ્યો છે. ગુજરાતના ખેડૂતોના સામર્થ્યને પ્રોત્સાહન આપવા આયોજન પંચ પોતાની વગ વાપરે એવું સૂચન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

ગુજરાત હાઇટેક એગ્રીકલ્ચર, નેટહાઉસ-પોલીહાઉસ અને ડ્રીપ ઇરીગેશનના ચા લક્ષ્યાંકો હાંસલ કરી રહ્યું છે. ગુજરાતમાં હવે સીંગતેલમાંથી કપાસીયા તેલ તરફની માનસિકતા ખૂબ વધી છે અને કપાસના ઉત્પાદન માટેની ગુજરાતની શકિત ધ્યાનમાં લેતા કેન્દ્ર સરકારની ખેડૂત-વિરોધી પોલીસીએ કપાસ ઉત્પાદકોને રૂા. ૧૫૦૦૦ કરોડનું આર્થિક નુકશાન પહોંચાડયું છે.

કોટન એક્ષ્પોર્ટની અવળી નીતિને કારણે વિશ્વના બજારોમાં ભારત સરકારની વિશ્વસનિયતાનું ધોવાણ થયું છે એમ તેમણે જણાવ્યું હતું.

સરદાર સરોવર યોજના માટે ખ્ત્ર્ભ તરીકે નર્મદા યોજનાને ૯૦ ટકા કેન્દ્રીય ગ્રાન્ટ મળવી જોઇએ જેનો દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં મોટો ભાગ છે અને આયોજન પંચે આ દરખાસ્ત સ્વીકાર કર્યો છે છતાં, બે વર્ષથી ગુજરાતને રૂા. ૧૭૦૦ કરોડ બાકી લહેણા નીકળે છે.

સેન્ટ્રલ સેલ્સટેક્ષના ગુજરાત રાજ્યના વળતરરૂપે રૂા. ૩૦૦૦ કરોડ લેવાના નીકળે છે. અન્ય રાજ્યોને રૂા. ૬૦૦૦ કરોડ આપી દીધા, પણ ગુજરાતને એક રૂપિયો આપ્યો નથી. ક્રુડ ઓઇલ રોયલ્ટી આસામ અને ગુજરાત બંનેને સમાન ધોરણે મળવી જોઇએ પણ ગુજરાતને રૂા. ૫૪૦૦ કરોડ ઓછા રોયલ્ટીના મળે છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નેશનલ ફયુઅલ પોલીસી સુવિચારિત અને ન્યાયિક બનાવવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો. ગુજરાતને નાગપુર કોલ લિન્કેજ નહીં મળવાથી કોલસા ખરીદીમાં રૂા. ૪૦૦ કરોડનો વધુ બોજ ઉપાડવો પડે છે. જે કોલસાની ખાણમાંથી મહારાષ્ટ્રને



પર્યાવરણ મંજૂરી નહી હોવા છતાં તેના ત્રણ વીજ પ્રોજેકટ માટે કોલસો મંજૂર થાય છે પણ ગુજરાતને આ જ ખાણમાંથી પર્યાવરણ મંજૂરી નહી હોવાનું બહાનુ બતાવીને રાજ્યના વીજમથક માટે કોલસો મંજૂર નથી થતો. આવો ભેદભાવ કેમ? તેવો સવાલ ઉઠાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતને ગેસ ફાળવણીમાં ખૂબ અન્યાય થાય છે. સી.એન.જી. ગેસ જે ભાવે દિલ્હી, મુંબઇ જેવાં શહેરોને મળે છે તેના કરતાં ૪૦ ટકા મોંઘો ગુજરાતને મળે છે.

ગુજરાત અને આન્ધ્રપ્રદેશને ગેસ ફાળવણીમાં અન્યાય-ભેદભાવ કેમ? તેવો પ્રઁ ઉઠાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આન્ધ્રને તેની જરૂરિયાતના ૮૦ ટકા અને ગુજરાતને માત્ર પાંચ ટકા અપાય છે!- કેરોસીનના પૂરવઠામાં ગુજરાતના બી.પી.એલ. અને માછીમારો માટે ૩૫ ટકા ઘટાડો કરી નાંખવા પાછળ કોઇ કારણ નથી છતાં ઘોર અન્યાય થઇ રહ્યો છે.

ગુજરાત પાવર સરપ્લસ સ્ટેટ છે છતાં, વીજળીની અછત વાળા રાજ્યોની ટ્રાન્સમિશન લાઇનો જર્જરિત હોવાથી આપી શકતું નથી અને આવા પાવર કટ વાળાં રાજ્યો વીજળીની પરેશાની ભોગવે છે. કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદન પાવર સ્ટેશનો ચલાવતી બધી કંપનીઓનું પાવર-પૂલીંગ બનાવવા તેમણે સૂચવ્યું હતું.

ગુજરાતને જેએનએનયુઆરએમમાં ગાંધીનગર-રાજધાની અને સરદાર પટેલની જન્મભૂમિ કરમસદને બાકાત રાખ્યું છે અને દશ વર્ષમાં રેલ્વે ટ્રેકની નવી લાઇન એક કીલોમીટર પણ આપી નથી એમ તેમણે ગુજરાતને થતા અન્યાયની ભૂમિકા આપતા જણાવ્યું હતું.

ભારત સરકાર પોલિસી પેરાલીસીસથી પીડાય છે અને વડાપ્રધાનશ્રીએ પોતે મુખ્યમંત્રીશ્રીઓની જે બે કોર કમિટી નીમી હતી તેમાં ગુજરાતના મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને જે બે અહેવાલો કેન્દ્રને સુપરત કર્યા છે તે અંગે કોઇ વિચારણા થઇ હોવાનું જણાવ્યું નથી એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતમાંથી રાષ્ટ્રીયકૃત બેન્કોને જે નાણાં મળે છે તેમાંથી માત્ર ૬૮ ટકા જ ગુજરાતને સી.ડી. રેશિયો તરીકે મળે છે. ગુજરાતની મિશન મંગલમ્ યોજના નીચે સખીમંડળોને બેન્કોનું ધિરાણ સૌથી વધુ મળવું જોઇએ તેવી રજુઆત શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી.

બારમી પંચવર્ષીય યોજનાના પ્રારંભનું આ પ્રથમ વર્ષ છે, અને ગુજરાતની સ્થાપનાથી અત્યાર સુધીના ૫૦ વર્ષની બધી જ પંચવર્ષીય યોજનાઓનો સરવાળો રૂા. ૨,૩૦,૨૫૬ કરોડ થાય છે તેની તુલનામાં ગુજરાતની બારમી યોજના જ રૂા. ૨,૫૧,૦૦૦ કરોડની અંદાજવામાં આવી છે, એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. આયોજન પંચના ઉપાધ્યક્ષ અને સભ્યોએ ગુજરાતની આર્થિક શિસ્ત અને આયોજિત વિકાસની સિધ્ધિઓને પ્રભાવક ગણાવતા જણાવ્યું હતું કે ગુજરાતે ડબલ ડિઝીટ ગ્રોથ રેઇટ જાળવી રાખ્યો છે. રાજ્ય સરકારની વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડુ વિકાસ યોજના અને શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના-આ ત્રણેય યોજનાઓમાં કુલ બજેટની ૩૪ ટકા જોગવાઇઓ અને કાર્યક્રમોને પણ કેન્દ્રીય આયોજન પંચના સભ્યોએ સરાહનીય ગણાવી હતી. પર્યાવરણ સાથે વિકાસનું ગુજરાતનું વિઝન પહેલરૂપ છે એની નોંધ લેવામાં આવી હતી.

ગુજરાતે યુવાનોના હુન્નર કૌશલ્ય માટેના અપનાવેલા સ્કીલ ડેવલપમેન્ટ વ્યૂહની પણ તેમણે પ્રસંશા કરી હતી.

રાજ્યો અને કેન્દ્ર વચ્ચે પ્રગતિના ડેટાકલેકશનમાં ભિન્નતા છે તેના ઉપાયો શોધવાની જરૂર ઉપર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આના કારણે વિકાસના મૂલ્યાંકન ઉપર વિપરીત અસર પડે છે. ગુજરાતે માનવ વિકાસ સૂચકાંક ઉંચે લાવવામાં ઘણી પહેલ કરી છે. સ્ત્રી-પુરૂષ રેશિયોમાં ખૂબ સુધારો થયો છે. દલિતો અને આદિવાસીઓના વિકાસમાં સૌથી વધારે સફળતા ગુજરાતે મેળવી છે. પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓના અલગ ટોઇલેટ સેનિટેશન એકમ બધી જ ૩૪૦૦૦ શાળાઓમાં ઉપલબ્ધ કર્યા છે જેનાથી કન્યાઓના ડ્રોપઆઉટમાં ઘણો સુધારો થયો છે.


કેન્દ્રીય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી ડો. મોન્ટેકસિંહ અહલુવાલિયાએ ગુજરાતની વાર્ષિક યોજના સંદર્ભમાં જણાવ્યું કે ૧૨મી પંચવર્ષીય યોજનાના પ્રારંભનું આ વર્ષ છે અને માત્ર ગુજરાત જ નહીં, રાષ્ટ્રીય આયોજનને વધુ સંગીન બનાવવા ગુજરાતની સાફલ્યસિધ્ધિઓ તથા કેન્દ્ર સરકારે આયોજનમાં શું ફેરફારો કરવા જોઇએ તે માટેના સૂચનો આવકાર્ય છે. આ બેઠકમાં નાણામંત્રીશ્રી વજૂભાઇ વાળા, નાણાં અને ર્જા રાજયમંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, આયોજન રાજ્યમંત્રીશ્રી રણજિતભાઇ ગિલીટવાલા, ગુજરાત આયોજન પંચ ઉપાધ્યક્ષશ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમાં, મુખ્યસચિવશ્રી એ. કે. જોતી અને વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત હતા.

વડીલોને વંદન
અભિનંદન
આજે જન્મદિવસ



કે.સી. શાહ
(૧૯૫૨) મો.૯૪૨૬૫૧૯૭૭૦

## શબ્દાવલી - ૪૭૪૬




**આડી ચાવી**

૧. આવાહ્ન (૪)
૩. એકની બદલે બીજું, અવેજ (૩)
૬. પરાક્રમ, દુષ્કર્મ (૫)
૭. નાનું, વિશાળ ના હોય તેવું (૨)
૯. કેશ, મોવાળા (૨)
૧૦. ભારો (૨)
૧૧. મેશ (૩)
૧૫. ખુબ વેગથી આવતુ (૫)
૧૭. પોતાનો અંગત (૨)
૧૯. ઈલેક્ટ્રીક, લાઇટ (૩)
૨૦. જીવડાઓ (૩)
૨૧. રૂપિયા પૈસા વગેરે (૨)
૨૨. પંપાળવું, કોમળતાથી હાથ ફેરવવો (૫)

**ઊભી ચાવી**

૧. શરૂઆત, મોખરે (૩)
૨. ખરાબ અંજામ (૩)
૩. સવારી કરનાર (૪)
૪. મૃત શરીરમાં પેઠેલ એક ભૂત (૩)
૫. ઘોડાનું પલાણ (૨)
૮. લાંચ-રૂશ્વત (૨)
૧૦. મળતુ, એના જેવું જ (૩)
૧૧. વિવિધા, જુદું-જુદું (૪)
૧૨. ગરમ ઓઢવાની શાલ (૩)
૧૩. કીર્તિ, યશ (૨)
૧૪. હનુમાનજીનો વાર (૪)
૧૬. પ્રીતમ, પિયુ (૩)
૧૮. હારવું અને...., હાર-જીત (૩)
૨૦. આયુષ્ય રેખા, .... દોરી (૩)

### શબ્દાવલી ૪૭૪૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિભાવરી (૪) સંદેશ (૬) ટાપશી (૭) લપ (૯) તીરથ (૧૧) વિવિધ (૧૩) ચિત્રકામ (૧૬) વિચિત્રતા (૧૮) ધુરા (૧૯) કમઠાણ (૨૧) રણશીગુ (૨૨) તમ

**ઊભી ચાવી :-** (૧) વિટામીન (૨) ભાપ (૩) વશી (૪) સંપત્તિ (૫) શપથ (૮) પવિક્ષતા (૧૦) રવી (૧૧) વિચિત્ર (૧૨) ધકા (૧૪) મરામત (૧૫) મારણ (૧૬) વિધુર (૧૭) ચિરાગ (૨૦) ઠામ

## વિશ્વ પર્યાવરણ દિને પર્યાવરણ ચિત્ર સ્પર્ધા અને સાયકલ રેલીનું આયોજન

ગાંધીનગર, તા. ૧

તા.૫મી જૂન-૨૦૧૨ વિશ્વ પર્યાવરણ દિન ઉવજણી નિમિત્તે ગુજરાત -દૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત ઈકોલોજી મિશન, ગાંધીનગરના સંયુક્ત્ત ઉપક્રમે તા. ૦૩/૦૬/૨૦૧૨ અને તા. ૦૫/૦૬/૨૦૧૨ના રોજ ગાંધીનગર ખાતે પર્યાવરણ ચિત્ર સ્પર્ધા અને સાયકલ રેલીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૦૩ જૂન-૨૦૧૨ના રોજ પર્યાવરણ ચિત્ર સ્પર્ધા યોજાશે. તા. ૫મી જૂન-૨૦૧૨ના રોજ સાયકલ રેલી યોજાશે.

તા. ૫મી જૂનની વિશ્વ પર્યાવરણ દિન તરીકે દર વર્ષે પર્યાવરણ માટે વિશ્વ વ્યાપી જનજાગૃતિ કેળવાય, અસરકારક પગલાંઓવાળી વ્યુહ રચનાઓના અમલીકરણ અને યોગ્ય સામાજીક જનજાગૃતિ આવે તે હેતુંથી ઉજવણી કરવામાં આવે છે. તા. ૫મી જૂન-૨૦૧૨ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી માટે સંયુક્ત્ત રાષ્ટ્ર સંઘે હરિયાળુ અર્થતંત્રેં તમે સમાવિષ્ટ છો ? તે વિષય સૂત્ર જાહેર કરેલ છે. ગુજરાત -દૂષણ નિયંત્રણ બોર્ડ, -દેશિક કચેરી, ગાંધીનગર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજીને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવનાર છે. ગુજરાત -દૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરના ઉપક્રમે બાળકો અને યુવાનો એકત્ર થાય અને તેઓની નૈસર્ગિક સર્જનશીલતા દર્શોવવાની તક મળે અને તેઓ પર્યાવરણ સંવર્ધન માટેના વિચારો રંગો દ્વારા -દર્શિત કરી શકે તે હેતુથી રાજય સ્તરની ચિત્ર સ્પર્ધા રાજયમાં જુદા-જુદા ૧૦ સ્થળે રાખવામાં આવી છે. તે પૈકી તાલીમ વિભાગ કોન્ફરન્સ હોલ, વન સંશોધન સંકુલ, જૈન દેરાસરની બાજુમાં, બોરીજ રોડ, અક્ષરધામ પાસે જ રોડ, સેકટર-૩૦, ગાંધીનગર ખાતે તા. ૦૩/૦૬/૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે અઢાર વર્ષથી ઉપર અને અઢાર વર્ષથી નીચેના બાળકો આમ બે ગૃપ માટે પર્યાવરણ વિષયની ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ છે. અને આ સ્પર્ધામાં દરેક ગ્રૃપમાં ત્રણ પારિતોષિક રાખેલ છે. જેમાં -થમ ઈનામ રૂ. ૨૦૦૧/-, દ્રિતીય ઈનામ-રૂ.૧૫૦૧/- અને તૃતીય ઈનામ રૂ. ૧૦૦૧/- છે. આ ચિત્ર સ્પર્ધા માટે પેપરની વ્યવસ્થા રાખેલ છે. તથા કલર ભાગ લેનાર સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. દરેક સ્પર્ધકને -માણપત્ર આપવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધાનું રજીસ્ટ્રેશન તા. ૦૨/૦૬/૨૦૧૨ ના રોજ સાંજે-૬.૦૦ કલાક સુધી પહેલા તે વહેલાના ધોરણે કરવામાં આવશે.


## મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટર્સ, રીટેઈલરો જોગ

ગાંધીનગર, તા. ૧

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા તાજેતરમાં નવી દિલ્હી ખાતે માન. વડા-ધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩/૦૨/૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭/૦૯/૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેરમાં જુલાઈ-૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા તથા સુરત શહેરમાં મળી આવેલા અસંખ્ય જીવતા બોમ્બ જેવા બનેલ બનાવોની તપાસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજીક તત્ત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરૂપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરેલ છે. અત્યાર સુધીની આતંકવાદી -વૃતિના અનુભવ મુજબ આવી. -વૃતિ આચરનાર આતંકવાદી -વૃતિને આખરી અજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી અસામાજીક તત્વો દ્વારા સંદેશાની આપ-લે થાય છે. આ -વૃતિમાં અત્યંત જરૂરી ડીવાઈસ મોબાઈલ સીમકાર્ડ છે. જે હાલની પરિસ્થિતિમાં કોઈ પણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે અને મોટા ભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોય છે. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ હુકમ કર્યો છે કે, ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનુંવેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરોને કોઈપણ વ્યકિતને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતા પહેલા, મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં જે તે વ્યકિતના જરૂરી ઓળખના પુરાવા લઈ, તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને વેચાણ અંગેનું રજીસ્ટર પરિશિષ્ટ- એ મુજબ નિભાવવાનું રહેશે.

## ગાંધીનગર જિલ્લાના સઈજ ખાતે કૃષિ મહોત્સવનો સમાપન સમારોહ સંપન્ન



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના સઈજ ખાતે મહેસૂલ અને માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના અધ્યક્ષ સ્થાને કૃષિ મહોત્સવ-૨૦૧૨નો જિલ્લા કક્ષાનો સમાપન સમારંભ સપંન્ન થયો હતો. આ -સંગે ઉપસ્થિત ખેડુત ભાઈ-બહેનોને, ગ્રામજનોને સંબોધતા મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યૂં હતું કે, છેલ્લા આઠ વર્ષથી ગુજરાત ઉલ્લાસભેર ઉજવાતા કૃષિ મહોત્સવના ખૂબ ફળદાયી પરિણામો -ાપ્ત થાય છે. રાજયનું કૃષિ ક્ષેત્રેનું ઉત્પાદન અગાઉના વર્ષમાં રૂપિયા ૯ હજાર કરોડનું હતું. તે આજે વધીને રૂ. ૮૭ હજાર કરોડનું થયું છે. આ ઉત્પાદન રૂ. ૧ લાખ કરોડ થાય તેવા -યત્નો કરવામાં આવી રહયાં છે. આજે ગુજરાતના ગામેગામ કૃષિક્ષેત્રેના અનેક નવતર -યોગો થઈ રહયાં છે. વિવિધ પાકોની વિવિધ જાતો દ્વારા મબલખ ઉત્પાદનના અનેક દષ્ટાંતો જોવા મળ્યા છે. જે કૃષિ મહોત્સવની સિધ્ધિ દર્શાવે છે. જે વિસ્તારોમાં અગાઉ જે પાકો ન હોતાં લેવાતા ત્યાં આજે એવા પાકો લેવાઈ રહયાં છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી રોજે રોજ રાજયના ખેડૂતોને કૃષિલક્ષી નવતર માહિતી સાથે સંબોધી -ેત્સાહન આપી રહયાં છે. તેઓશ્રીએ વિવિધ -ગતિશીલ અને -યોગશીલ ખેડૂતોની સદષ્ટાંત વાતો કરીને રસ-દ માહિતી આપી હતી. સાથે જ, રાજય સરકારના -ેત્સાહક અભિગમ, સુજલામ્-સુફલામ્ યોજના, નર્મદા યોજના, ટપક સિંચાઈ યોજના, કૃષિ લક્ષી માર્ગદર્શન, કીટ સહાય, પશુઆરોગ્ય મેળા, વગેરે વિશે પણ જાણકારી આપી હતી. કૃષિ મહોત્સવના કારણે આજે રાજય કૃષિ ક્રાંતિના હરિયાળા પંથ પર આગળ ધપી રહયું છે, તેમ તેમણે જણાવ્યું હતું મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ના હસ્તે કૃષિ, પશુપાલન, બાગાયતના લાભાર્થી ખેડૂતોને કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું કૃષિ વૈજ્ઞાનિકોએ વિવિધ પાક ઉત્પાદન વિશે માહિતી આપી હતી, જયારે -ગતિશીલ ખેડૂત શ્રી રાજુભાઈ પટેલે પોતાના અનુભવની વાત કરી હતી. આ -સંગે જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, જિલ્લા ભાજપ -મુખ શ્રી શકુંતલાબેન પટેલ, જિલ્લા ભાજપ ઉપ-મુખ શ્રી ગોંવિદભાઈ પટેલ, સઈજના સંરપંચ શ્રી -તાપજી ઠાકોરકૃષિ વૈજ્ઞાનિકો, ખેડૂતો વગેરે મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## બાબા રામદેવની ટીમ દ્વારા ઉજીએ આંદોલન

અમદાવાદ, તા.૧

યોગરૂષી રામદેવજી મહારાજના પ્રબળ નેતૃત્વ હેઠળ દેશના ૧૨૧ કરોડ ભારતીયોના ઉત્થાન માટે કાલાધન, ભ્રષ્ટાચાર અને વ્યવસ્થા પરિવર્તન માટે ભારતભરમાં તા. ૩ જૂન, ૨૦૧૨ના રોજ રાષ્ટ્રવ્યાપી એક દિવસીય આંદોલન ચાલવાનું છે. યોગરૂષી રામદેવજી મહારાજ જંતરમંતર દિલ્હી ખાતે તેમજ સીકે પટેલ ફાર્મ ગોતા ચાર રસ્તા, ગોકુલ હોટલ સામે, સ્વામિજીના આંદોલનને પૂરે પુરું સમર્થન આપશે. ભારત સ્વાભિમાન આંદોલન સમિતિ ગુજરાત રાજયના અધ્યક્ષએ જણાવ્યું હતું કે, ભારત સ્વાભિમાન ગુજરાતના કર્મઠ કાર્યકર્તાઓના સાથ સહકારથી એક દિવસનો ધરણાનો કાર્યક્રમ તા.૩ જૂન ૨૦૧૨ને રવિવારે સવારે ૧૦.૦૦થી સાંજે ૭.૦૦ સુધી રાખ્યો છે. આ રાષ્ટ્ર નિર્માણના આ વિશાળ જનઆંદોલનમાં લોકોને જોડાવવાનું આહવાન કરાયું છે.

## નવી એજન્સી નિમવા

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

ભૌગૌલિક પરિસ્થિતિને ધ્યાને રાખી ૧૦૦ નંગ કન્ટેઈનર ખરીદવા જોઈએ તેવી ભાવનાબા વાઘેલા તથા મીનાબા વાઘેલાની ભલામણનો સ્વીકાર કરી તે અંગેની સત્તા કમિશનરશ્રીને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કન્ટેઈનર લીફટીંગની કામગીરી અંગે સમય-પત્રક મુજબ કામગીરી થાય છે કે નહિ તે માટે મેયર, ડે. મેયર તેમજ જે તે વોર્ડના કાઉન્સિલર અને સ્ટે. ના ચેરમેનને અગાઉ જાણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતુ કે આજની આ બેઠકમાં બે ફોંગીંગ મશીનો પણ ચોમાસાની સિઝનને ધ્યાને રાખી ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫૦થી વધુ પુશીંગકાર પણ ઘનકચરાના એકત્રીકરણ માટે ખરીદવામાં આવનાર છે. તેમણે જણાવ્યુ હતુ કે શહેરની સ્વચ્છતા અને સ્વસ્થતા એ અમારો કર્મમંત્ર છે. આ દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે આ બેઠકમાં ફૂડ સેફટી સહિતની ઘણી બધી બાબતો અંગે સઘન ચર્ચાઓ કરવામાં આવી હતી. આજની આ બેઠકમાં સફાઈના કામને અગ્રતા આપવામાં આવી છે તેમજ સફાઈ માટે મોનીટરીંગ સઘન બનાવવા અને જે એજન્સીઓ કામ કરે છે તેઓ પુરતી સંખ્યામાં કર્મચારીઓ મુકે તે માટે તાકીદ કરી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જાહેર સ્થળો પર ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે. રાજ્ય સરકારને મહેકમનું સેટ-અપ મંજૂર કરવા વધુ એક વખત ભલામણ કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

## ઈમ્પેક્ટ ફીના દરમાં ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચો.મી. સુધીના બાંધકામને નિયમિત કરવા ૫૦ ચો.મી. સુધી ૨૫૦૦૦ અને તે પછી પ્રતિ ચો.મી. ૧૦૦૦ની ઉચ્ચક રકમ લેવાશે. આમ હવે ગરીબ અને મધ્યમવર્ગના તમામ લોકોને લાભ મળે તે માટે જમીનની જંત્રીની સાથે ફી ની રકમ જોડ્યા વિના કોઈપણ વિસ્તારમાં ૧૦૦ ચો.મી. સુધીના અનધિકૃત બાંધકામો માટે વધુમાં વધુ ૭૫૦૦૦ ભરી રહેઠાણ કે ધંધાદારી બાંધકામ નિયમિત કરી શકાશે.

રાજ્યમાં હજારો પરિવારો એવાં છે કે જેઓ પોતાના ઘરની અંદર રૂમમાં નાનો વ્યવસાય કરતા હોય છે. હવે રહેઠાણ અને ધંધાદારી એમ બન્ને પ્રક્રિયાની ફી નું ધોરણ રદ કરવામાં આવી છે, જો કે તેમાં ૨૫ ટકા જેટલો ભાગ ધંધાદારી હોવો જોઈએ. આ સુધારાતી હવે કોઈપણ વિભાગની એનઓસી લીધા વિના અરજી કરી શકાશે અને સોસાયટીની એનઓસી પણ લેવાની રહેશે નહીં.

શોપીંગ સેન્ટરો કે વાણિજ્ય ઉપયોગમાં લેવાતી મિલકતોમાં જરૂરી પાર્કિંગની વ્યવસ્થા ન કરી હોય ત્યાં ૨૦૦ ચો.મી. સુધી હવે બમણી જંત્રીની ફી રદ કરવામાં આવી છે અને ફક્ત એક જ જંત્રીની રકમ જેટલી ફી લેવાશે.

રાજ્યમાં હવે માત્ર હાઈરાઈઝ્ડ મકાનો માટે સ્ટ્રકચરલ સેફટી સર્ટીફિકેટ લેવાનું રહેશે, બાકીની મિકલતોમાં જરૂરી નથી. શોપીંગ સેન્ટરો અને વ્યવસાયિક ઉપયોગ માટે વપરાતા બાંધકામોમાં સેનિટેશનની ખૂટતી વ્યવસ્થા હળવી કરવામાં આવી છે. આ વ્યવસ્થા પૈકી ૫૦ ટકા વ્યવસ્થા માટે પ્રતિ ચો.મી. જંત્રીના બે ટકા ફી ભરવી પડશે, જ્યારે બાકીની ખૂટતી વ્યવસ્થા બાંધકામમાં કોઈપણ જગ્યા તેમજ પ્લોટના માર્જીનમાં રાખી શકાશે.